અપીલ અરજી નં.૩૧૯ તા.૧૦–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજ સેલ)
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૬–૧૨–૧૦ ની અરજીથી(૧) મહાનગરપાલિકાના અમરોલી બ્રીજનું કાર્ય ૨૪ માસની મુદતમાં પુરું કરવાની જગ્યાએ ૩૯ માસમાં પુરું કર્યુ તેમજ બ્રીજ હોનારતમાં એક મજુર અને ૧૧ થી વધારે વ્યકિતઓને ઈજા થવા છતાં કોન્ટ્રાકટર રાજકમલ બિલીકોનને કાળી યાદીમાં ન મૂકી બ્રીજ સેલના અધિકારીઓ વિરુધ્ધ ખાતાકીય પગલા ન ભરી સ્થાયી સમિતિના અધ્યક્ષે બધાને કિલનચીટ આપી કોન્ટ્રાકટર રાજકમલ બિલીકોનન નવા ૫૫૦ કરોડના કોન્ટ્રાકટ કઈ યોગ્યતા જોઈને આપેલ હોય તે અંગેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૯/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૬–૧૨–૧૦ ની અરજીથી (૧) મહાનગરપાલિકાના અમરોલી બ્રીજનું કાર્ય ૨૪ માસની મુદતમાં પુરું કરવાની જગ્યાએ ૩૯ માસમાં પુરું કર્યુ તેમજ બ્રીજ હોનારતમાં એક મજુર અને ૧૧ થી વધારે વ્યકિતઓને ઈજા થવા છતાં કોન્ટ્રાકટર રાજકમલ બિલીકોનને કાળી યાદીમાં ન મૂકી બ્રીજ સેલના અધિકારીઓ વિરુધ્ધ ખાતાકીય પગલા ન ભરી સ્થાયી સમિતિના અધ્યક્ષે બધાને કિલનચીટ આપી કોન્ટ્રાકટર રાજકમલ બિલીકોનન નવા ૫૫૦ કરોડના કોન્ટ્રાકટ કઈ યોગ્યતા જોઈને આપેલ હોય તે અંગેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે મળેલા પ્રતિભાવમાં મુદ્દા નં.૧ થી ૩ અંગેની માહિતીમાં પણ કશું જણાવેલ નથી કે માંગેલ માહિતી આપેલ નથી તથા મુદ્દા નં.૪,૫ અને ૬ માં મેટર સબજયુડીશીયલ હોય તેવું જણાવેલ જેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૮૩ તા.૧૭–૧–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજ સેલ) , ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તથા અરજદારને અપીલ અરજી તબકકે અરજદારે જાહેર માહિતી અધિકારી બ્રીજના ફી ભરવાના પત્ર અને નકલ આપવાની તૈયારી બાદ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી દફતરી વિગતે પૂરી પાડવાનો પ્રસ્તાવ કરેલ છે તે મેળવ્યા વિના અધૂરી માહિતી માટે દાવા અંગે આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જાવક જીએડી/ઈએસટી/૩૬૨૭ તા.૨૧–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૪૧ તા.૮–૧૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ, પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને સેક્રેટરી સ્થા. સમિતિને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારને માહિતી અંગે પાઠવેલ પત્ર જીએડી/ઈએસટી/૩૧૭૫ તા.૧૫–૧૨–૧૦ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે નં.જીએડી/ઈએસટી/૩૨૪૫ તા.૨૨–૧૨–૧૦ ના પત્રની નકલ તથા તેના એકનોલ ેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી બ્રીજ સેલ તરફથી પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૨૧/૩ તા.૧–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, સેન્ટ્રલઝોનનો તબદીલ પત્રની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૨૧ તા.૨૮–૧૨–૧૦ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ , અરજદારને ઈન્સ્પેકશન અંગે પાઠવેલ પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૨૧/૧ તા.૫–૧–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૨૧/૨ તા.૭–૧–૧૧ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પત્રમાં તા.૨૧–૧–૧૧ ના રોજ કરેલ રજૂઆત પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૬–૧૨–૧૦ ની અરજીથી કમિ.શ્રીને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૪૧ તા.૮–૧૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ, સેક્રેટરી સ્થા. સમિતિ અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૭૫ તા.૧૫–૧૨–૧૦ થી રૂા.૪/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં.૧૧૧૩૮૬ તા.૨૦–૧૨–૧૦ થી ભરપાઈ કરવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્રનં.જીએડી/ઈએસટી/૩૨૪૫ તા.૨૨–૧૨–૧૦ થી મુદ્દા નં.૨ અંગે જરૂરી માહિતી દસ્તાવેજો અરજદારને પૂરા પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી

બ્રીજસેલ તરફથી માહિતી અને જરૂરી દસ્તાવેજો અંગે રૂા.૨૭૦/– ભરપાઈ કરીને માહિતી મેળવવા જણાવવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી ઉપલબ્ધ માહિતીનું નિરીક્ષણ કરવા પત્ર નં.બ્રીજસેલ/આ.નં.૨૧/૧ તા.૫–૧–૧૧ થી તા.૬–૧–૧૧ ના રોજ બ્રીજ સેલ રૂમ નં.૧૧૭ ત્રીજા માળે મુગલીસરા સુરત સાંજે ૩.૦૦ થી ૬.૦૦ દરમ્યાન હાજર રહેવા જણાવેલ. જે અંગે અરજદાર ૧૨.૩૦ કલાકે આવેલ અને તેઓએ દસ્તાવેજ નહીં પરંતુ પ્રત્યુત્તર જોઈએ છે તેવું જણાવી સહી કરેલ છે. ત્યાર બાદ અરજદારને પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૨૧/૨ તા.૭–૧–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી આસી. સેક્રેટરી સ્થા. સમિતિ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/સ્થા./આ.નં.૧ તા.૭–૧–૧૧ થી માંગવામાં આવેલી માહિતી સેક્રેટરી કચેરીના ઉપલબ્ધ રેકર્ડ ઉપર ન હોઈ માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ અને અસંતુષ્ટ થઈ તા.૧૦–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની મુળ અરજીના મુદ્દા નં.(૧) મહાનગરપાલિકાના અમરોલી બ્રીજનું કાર્ય ૨૪ માસની મુદતમાં પુરું કરવાની જગ્યાએ ૩૯ માસમાં પુરું કર્યુ તેમજ બ્રીજ હોનારતમાં એક મજુર અને ૧૧ થી વધારે વ્યકિતઓને ઈજા થવા છતાં કોન્ટ્રાકટર રાજકમલ બિલીકોનને કાળી યાદીમાં ન મૂકી બ્રીજ સેલના અધિકારીઓ વિરુધ્ધ ખાતાકીય પગલા ન ભરી સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીએ બધાને કિલનચીટ આપી કોન્ટ્રાકટર રાજકમલ બિલીકોનન નવા ૫૫૦ કરોડના કોન્ટ્રાકટ કઈ યોગ્યતા જોઈને આપેલ હોય તે અંગેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી આ બાબતે કોન્ટ્રાકટર રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડ અમદાવાદને સુરત મહાનગરપાલિકા હસ્તકના જે તે કામોના ટેન્ડરના કવોલીફાઈંગ ક્રાયટેરીયા મુજબ સક્ષમ સત્તાની મંજુરીથી કામો આપવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) મજુરાગેટ(અઠવા) અને અમરોલી બ્રીજ હોનારતમાં મહાનગરપાલિકામાંના ફરજમાં બેદરકારી નિભાવનારા ડેપ્યુટી ઈજનેર જયેશ ઘડિયા સામે ફરજમાં બેદરકારી –બેજવાબદારી બદલ ખાતાકીય શિક્ષાત્મક પગલા–તપાસ કરવાને બદલે મનપાના કમિશ્નરે ઈનામરૂપે આખા બ્રીજ સેલના ઈ.ચા. કાર્યપાલક ઈજનેર કઈ યોગ્યતા આધારે બનાવ્યા હોય જે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી હાલમાં બ્રીજસેલ વિભાગના ઈ.ચા. કાર્યપાલકના હોદ્દા પર શ્રી બાલુભાઈ કે. ગઢીયા નામના અધિકારી છે જેઓ ઉપરોકત મજુરાગેટ તથા અમરોલી પુલની ઘટનાઓ ઘટી તે સમયે બ્રીજસેલ વિભાગમાં ફરજ બજાવતા ન હતાં તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) અમરોલી બ્રીજ દુર્ઘટનામાં ગેરી અને એ.એફ.એસ.એલના દુર્ઘટનાના નમુનામાં રીપોર્ટ અને એસ.વી.એન.આઈ.ટી.ના અભિપ્રાયના આધારે કોન્ટ્રાકટર રાજકમલ બિલ્ડકોનના ડાયરેકટરો તથા મહાનગરપાલિકાના બ્રીજસેલના અધિકારીઓની ફરજમાં બેદરકારી–બેજવાબદારી હોવાનો રીપોર્ટ પોઝીટીવ આવતાં કતારગામ પોલીસે મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓને રીપોર્ટની જાણ કરી હોવા છતાં મહાનગરપાલિકાના કમિશ્નરે મેયરે સ્થા. સમિતિના અધ્યક્ષે કે ઉચ્ચ અધિકારીઓએ બ્રીજ કોન્ટ્રાકટર તથા મહાનગરપાલિકાના અધિકારીઓ વિરુધ્ધ પોલીસ ફરીયાદ ન કરવા અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી મહાનગરપાલિકા ધ્વારા નિયુકત તજજ્ઞ કમિટિનારીપોર્ટમાં આવી કોઈ બેદરકારી કે બે જવાબદારીનો ઉલ્લેખ નથી તથા આ ઘટના બાબતે મહાનગરપાલિકા તરફે કતારગામ પોલીસ સ્ટેશનમાં દુર્ઘટના બાબતે રીપોર્ટ કરેલ હતો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ મહાનગરપાલિકાની સ્થા. સમિતિના અધ્યક્ષ પોતે જ વિવાદી હોય કે જેમણે કૌભાંડી અધિકારી ડો. હોમીદુધવાલાને પરત સ્મીમેરમાં નોકરીમાં લેવાનો ઠરાવ કરેલ, ટેન્ડરોમાં રાત્રિ સફાઈમાં સીકયુરીટીમાં, રસ્તા મેટલગ્રાઉટીંગમાં, રસ્તા કારપેટ કામમાં, બ્રીજ બાંધવાના કામમાં, સ્ટેપડ બ્રીજના ટેન્ડરના વિવાદ અને કૌંભાડ જ આચરેલ છે અને હવે તા.૮–૬–૦૮ ના રોજ અમરોલી બ્રીજ દુર્ઘટનામાં ગેરી અને એ.એફ.એસ.એલ.ના દુર્ઘટનાના નમુનાનો રીપોર્ટ પોઝીટીવ આવતાં અને એસ.વી.એન.આઈ.ટી. ના અભિપ્રાય બાદ કતારગામ પોલીસ ફરીયાદ બની કોન્ટ્રાકટર રાજકમલ બિલ્ડકોન પ્રાઈવેટ લીમીટેડ અમદાવાદના એમ.ડી.ના પુત્ર કે જે આ પ્રોજેકટના મુખ્ય ઈજનેરની જવાબદારી સાંભળતા હતાં તે મિતુલ શંકરભાઈ પટેલની તા.૨–૧૨–૧૦ ના રોજ ધરપકડ કરી નામદાર કોર્ટમાં રજૂ કરી એક દિવસના રીમાન્ડ મેળવેલ છે અને મનપાના બ્રીજસેલના બેજવાબદાર અધિકારીઓને પણ આરોપી બનાવ્યા હોય હવે મનપાના સ્થા. સમિતિનાં અધ્યક્ષશ્રી મુકેશ સી. દલાલ અને મનપાના કમિશ્નરએ આપેલ કલીનચીટ પ્રમાણપત્ર કોન્ટ્રાકટર રાજકમલ બિલ્ડકોન પ્રાઈવેટ લીમીટેડના ડાયરેકટરોને અને મનપાનાં બ્રીજસેલના અધિકારીઓને બચાવી શકાશે જે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી હાલમાં આ મેટર સબ–જયુડીશ હોય, કોર્ટના ચૂકાદા અનુસાર મહાનગરપાલિકા મારફત ઘટતી કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ કોન્ટ્રાકટર રાજકમલ બિલ્ડકોન પ્રાઈવેટ લીમીટેડના એમ ડી. શંકર પટેલ ફરાર હોય અને તે જ કોન્ટ્રાકટર વિરુધ્ધ કતારગામ પોલીસ અમરોલી બ્રીજ અને તે જ હોનારતની તપાસ કરતી હોય મનપાના અધિકારીઓ ફરાર હોય, સ્થાયી સમિતિએ આપેલ નવા કરોડોના બ્રીજ બાંધવાના કોન્ટ્રાકટ કેન્સલ કરી કોન્ટ્રાકટ રાજકમલ બિલ્ડકોન પ્રાઈવેટ લીમીટેડને કાળી યાદીમાં મુકવામાં આવશે? કે ચાલુ રાખવામાં આવશે? ચાલુ રાખવામાં આવશે તો તે અંગેની માહિતી અને કેન્સલ કરવામાં આવશે તો તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી હાલમાં આ મેટર સબ–જયુડીશ હોય, કોર્ટના ચૂકાદા અનુસાર મહાનગરપાલિકા મારફત ઘટતી કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) તા.૮–૬–૦૮ ના રોજ અમરોલી દુર્ઘટના થયેલ જેમાં બ્રીજસેલના ડે.ઈજનેર , જુની. ઈજનેર ટેકનીકલ સુરપવાઈઝર વિરુધ્ધ ફરીયાદ દાખલ થયેલ હોય અને જેઓ આરોપી તરીકે ફરાર હોય તેઓના નામની અને તેઓ હાજર થશે ત્યારે તેઓ વિરુધ્ધ ફરજમાં બેદરકારી–બેજવાદારી અંગેની ખાતાકીય કાર્યવાહી કરવામાં આવશે? જે અંગેની માહિતી તથા સ્થા. સમિતિના અધ્યક્ષ અને મનપાના કમિશ્નરની આ આરોપી અધિકારીઓને કલીનચીટના પ્રમાણપત્રને મંજુર રાખી પાછા કલીનચીટ આપવામાં આવશે જે અંગેની માહિતી. તેવા

પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી હાલમાં આ મેટર સબ–જયુડીશ હોય, કોર્ટના ચૂકાદા અનુસાર મહાનગરપાલિકા મારફત ઘટતી કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે.

અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ કક્ષાએથી મુદૃા નં.ર અંગે માહિતી પેટે હુકમની નકલ પૂરી પાડેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી મુદૃા નં.૧ થી ૩ અંગે અરજદારને દફતરી તપાસણીની તક પૂરી પાડી દફતરી તમામ માહિતી ઉપલબ્ધ કરાવવાની તૈયારી દર્શાવેલ. તેમ છતાં અરજદારે તે નકારી પ્રત્યુત્તરનો આગ્રહ રાખતાં જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ કક્ષાએથી મુદૃા નં.૧ થી ૩ ની દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા સાથે મુદૃા નં.૪ થી ૬ અંગે અદાલતના ચૂકાદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. જેથી મુદૃા નં.૪ થી ૬ અંગે અદાલતના આખરી નિકાલને આધિન હોઈ પ્રસ્તુત તબકકે તે અંગે વિશેષ કંઈ ટિપ્પણી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડવામાં આવેલ છે તથા અરજદારે બ્રીજ સેલના બેજવાબદાર અને બેદરકાર અધિકારઓ તથા કોન્ટ્રાકટર અંગે કરેલ રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોર્ટના ચૂકાદા અનુસાર કાર્યવાહી કરવાનું જણાવેલ છે. આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી પ્રશ્નો અંગે આરટીઆઈ એકટની નિયમ અને જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (બ્રીજસેલ), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,